# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫ તા.૨૧-૪-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- કોરોના વાયરસને કારણે બંધ રહેલ પ્રાથમિક શાળાના બાળકોને મધ્યાહન ભોજન યોજના અંતર્ગત અનાજની કુપન તથા બાળકોને ફુડ સિક્યુરીટી એલાઉન્સીસ ચૂકવવા બાબત.

સંદર્ભ :- કમિશનરશ્રી મ.ભો.યો.નો પત્ર ક્રમાંક : મભય/અમલ-૧/ફુડ સિક્યુરીટી એલા/૨૦૨૦/૫૫૯૪ થી ૫૭૧૯ તા.૨૦-૪-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, તાજેતરમાં **નોવેલ કોરોના વાયરસ** (COVID19) કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે તેના અનુસંધાને મધ્યાહન ભોજન યોજના નિયમો-૨૦૧૫ની જોગવાઈઓ મુજબ શાળાએ જતા બાળકોને જુદા જુદા કારણો સર ભોજન આપવામાં ન આવે તો Food Security Allowances આપવાનું થાય છે. ગુજરાત રાજયની તમામ શૈક્ષણિક સંસ્થાઓ તા.૧૬-૩-૨૦૨૦ થી તા.૨૯-૩-૨૦૨૦ સુધી(૧૧ શૈક્ષણિક દિવસો) બંધ રાખવા રાજ્ય સરકારે જાહેરનામું બહાર પાડેલ છે. જે અન્વયે પરિપત્ર નં.૧૩૨ તા.૨૭-૦૩-૨૦૨૦ અને પરિપત્ર નં.૧ તા.૩-૪-૨૦૨૦ થી આનુષાંગિક કાર્યવાહી કરવા જણાવવામાં આવેલું હતું તથા પરિપત્ર નં.૩ તા.૮-૪-૨૦૨૦ થી તા.૩૦-૦૩-૨૦૨૦ થી તા.૧૪-૦૪-૨૦૨૦ સુધી(૧૦ શૈક્ષણિક દિવસો)માટે આનુષાંગિક કાર્યવાહી કરવા જણાવવામાં આવેલું હતું તેજ રીતે સંદર્ભ દર્શિત પત્ર અનુસાર તા.૧૫-૦૪-૨૦૨૦ થી તા.૦૩-૦૫-૨૦૨૦ (૧૫ શૈક્ષણિક દિવસ) માટે અગાઉ મુજબ જ નીચેની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

સંદર્ભ દર્શિત પત્રમાં જણાવ્યા અનુસાર ત્રીજા તબક્કામાં તા.૧૫-૦૪-૨૦૨૦ થી તા.૦૩-૦૫-૨૦૨૦ સુધીના ૧૫ શૈક્ષણિક દિવસો માટે વિદ્યાસથીઓને કુકીંગ કોસ્ટની રકમ એસ.એમ.સી.ના ખાતામાં જમા કરાવવામાં આવનાર છે. જે રકમ આપની એસ.એમ.સી.ના ખાતામાં જમા થયેથી દિન-૨માં સત્વરે જે-તે વિદ્યાર્થી/વાલીના બેંક એકાઉન્ટમાં જમા કરાવવા જણાવવામાં આવે છે તેમજ દરેક વિદ્યાર્થીઓને નીચે મુજબની અગાઉની જેમ જ આપેલ **કુપનના નમુના મુજબ દિન-૧૫ મુજબનો જથ્થો લખીને કુપન તૈયાર કરી વર્ગ શિક્ષક પાસે જ રાખવાની રહેશે. હાલ આ કુપનનું અત્રેથી અન્ય સુચના ન મળે ત્યાં સુધી વિતરણ કરવાનુ નથી.**

**ધો.૧ થી ૫ : ૭૫૦ ગ્રામ ઘઉ તથા ૭૫૦ ગ્રામ ચોખા મુજબ કુલ અનાજ :૧૫૦૦ ગ્રામ**

**ધો.૬ થી ૮ : ૧૧૨૫ ગ્રામ ઘઉ તથા ૧૧૨૫ ગ્રામ ચોખામુજબ કુલ અનાજ :૨૨૫૦ ગ્રામ**

તા.૧૫-૦૪-૨૦૨૦ થી તા.૦૩-૦૫-૨૦૨૦ સુધીના સમયગાળા માટે Food Security Allowances (૧૫ દિવસ)

| ધોરણ | ગુજરાત સરકાર દ્વારા વિદ્યાર્થીદીઠ નિર્ધારીત પ્રવર્તમાન કુકીંગ કોસ્ટ / પ્રતિદિન રૂપિયા | વિદ્યાર્થીદીઠ ભારત સરકારશ્રી દ્વારા નિયત થયેલ અનાજનું પ્રમાણ / પ્રતિદિન ગ્રામમાં | | | તા.૧૫-૦૪-૨૦૨૦ થી તા.૦૩-૦૫-૨૦૨૦ થી ૧૫ દિવસ માટે Food Security Allowances પ્રતિ બાળક | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ઘઉ(ગ્રામ) | ચોખા(ગ્રામ) | કુલ અનાજ (ગ્રામ) | કુકીંગ કોસ્ટની રકમ રૂ. | અનાજનું પ્રમાણ | | |
| | | | | | | ઘઉ(ગ્રામ) | ચોખા(ગ્રામ) | કુલ અનાજ (ગ્રામ) |
| ૧ થી ૫ | રૂ.૪.૯૬ | ૫૦ | ૫૦ | ૧૦૦ | રૂ.૭૪.૪૦ | ૭૫૦ | ૭૫૦ | ૧૫૦૦ |
| ૬ થી ૮ | રૂ.૬.૯૬ | ૭૫ | ૭૫ | ૧૫૦ | રૂ.૧૦૪.૪૦ | ૧૧૨૫ | ૧૧૨૫ | ૨૨૫૦ |

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૨૧-૦૪-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

કમિશનરશ્રી મધ્યાહ્ન ભોજન યોજનાની કચેરી
બ્લોક નં- ૧૪/૧, ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર

ટોચ અગ્રતા / અગત્યનું

Email /જરૂરી

ક્રમાંક:- મભય/અમલ-૧/ ફૂડ સિક્યુરીટી એલા./૨૦૨૦ 1545-97 ના ૫૬૧૮-

તા. ૨૦/૦૪/૨૦૨૦.

12 0 APR 2020

વિષય:-મધ્યાહન ભોજન યોજના અંતર્ગત "કોરોના વાયરસ " ના કારણે બંધ રહેલ પ્રાથમિક શાળાઓના બાળકોને તા.૧૫/૦૪/૨૦૨૦ થી તા.૩/૦૫/૨૦૨૦ સુધીના વધુ ૧૫ દિવસ માટે ફૂડ સિક્યુરીટી એલાઉન્સીસ ચુકવવા અંગે

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:- મભય/૨૦૨૦/GOI-૯/આર, તા.૨૩/૦૩/૨૦૨૦.

(૨) આ કચેરીના પરિપત્ર ક્રમાંક:- મભય/અમલ-૧/ ફૂડ સિક્યુરીટી એલા / /૨૦૨૦/૪૪૯૭-૪૫૭૯, તા.૨૬/૦૩/૨૦૨૦.

(૩) ભારત સરકાર ના ગૃહ મંત્રાલય ના આદેશ ક્રમાંક: ૪૦-૩/૨૦૨૦/ડી, તા.૨૪/૦૩/૨૦૨૦.

(૪) આ કચેરીના પત્ર ક્રમાંક :- મભય/અમલ-૧/ ફૂડ સિક્યુરીટી એલા / /૨૦૨૦/૫૦૬૩-૫૧૮૫, તા.૪/૦૪/૨૦૨૦.

(૫) ભારત સરકારના ગૃહ મંત્રાલય ના તા.૧૪/૦૪/૨૦૨૦ના હુકમ ક્રમાંક: 40-3/2020/DM-1(A), તા.૧૪/૦૪/૨૦૨૦.

(૬) શિક્ષણ વિભાગના પત્રક્રમાંક:- મભય/૨૦૨૦/GOI-૯/આર, તા.૨૦/૦૪/૨૦૨૦.

હુકમ:-

ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલયના તા.૨૦/૦૩/૨૦૨૦ ના પત્ર ક્રમાંક:- F. No.1-2/2020 Desk (MDM) થી સર્વોચ્ચ અદાલત માં ફાઈલ થયેલ Suo Moto Writ Petition(C) No.S.2 /2020 માં કોરોનાની દેશવ્યાપી સ્થિતીને ધ્યાને લઈને વિધાર્થીઓ આ પરિસ્થિતીમાં **Mal Nutrition** સ્થિતીમાં ન મુકાય અને તેમની **Immunity** ને વિપરીત અસર ન થાય તે અંગે એકસમાન નિતી સુનિશ્ચિત કરવા જણાવેલ.

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા.૧૫/૩/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક :-પરચ/૧૧૨૦૨૦/૧૫૧/વ-૨, થી ગુજરાતમાં તા.૧૬/03/૨૦૨૦ થી તા.૨૯/૩/૨૦૨૦ સુધી કોરોના વાયરસ કોવિડ-૧૯ નો ફેલાવો અટકાવવા શાળાઓ બંધ જાહેર કરતાં રાજ્ય સરકારે કોરોના કોવિડ-૧૯ ના સંદર્ભે શાળાઓ બંધ રહેવાના સમયગાળા માટે વિદ્યાર્થીઓની Nutritional જરૂરિયાતોને ધ્યાને લઈને જ્યાં મધ્યાહ્ન ભોજન યોજના અમલમાં છે, તે તમામ શાળાઓમાં Food Security Act-2013 અને મધ્યાહ્ન ભોજન યોજના નિયમો-૨૦૧૫ના નિયમ-૯ની જોગવાઇઓ મુજબ તા.૧૬/03/૨૦૨૦ થી તા.૨૯/3૨૦૨૦ સુધીના ૧૧ દિવસના સમયગાળા માટે અને જો સંજોગોવસાત વધુ સમય માટે કોરોના વાયરસ કોવિડ-૧૯ ની મહામારીના લીધે શૈક્ષણિક કાર્ય બંધ રહેતો નિયત થયેલ પ્રમાણ મુજબ વધુ દિવસો માટે નોંધાયેલા તમામ વિદ્યાર્થીઓને નીચે મુજબ Food Security Allowances આપવાનો ગુજરાત સરકારે આમુખ (૧)માં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા.૨૩/03/૨૦૨૦ના ઠરાવક્રમાંક:મભય/૨૦૨૦/GOI-૯/આર થી નિર્ણય કરેલ,

મધ્યાહ્ન ભોજન યોજના નિયમો-૨૦૧૫ ના નિયમ-૯ પ્રમાણે નીચે મુજબ Food Security Allowances આપવાનું થાય છે.

૧. પ્રતિ બાળક પ્રતિદિન મળવાપાત્ર અનાજ નો જથ્થો.
૨. રાજ્ય સરકારે નિયત કરેલ કુકીંગ કોસ્ટ.

| ધોરણ | કુલ નોંધાયેલ વિધાર્થી | ગુજરાત સરકાર ધ્વારા નિયત કુકીંગ કોસ્ટ વિધાર્થી દીઠ પ્રતિદિન (રૂપિયામાં) | ભારત સરકાર દ્વારા નિર્ધારિત અનાજનું પ્રમાણ વિધાર્થી દીઠ પ્રતિદિન (ગ્રામમાં) |
|---|---|---|---|
| ધો.૧ થી ૫ | ૩૨૧૫૭૪૨ | રૂ. ૪.૯૬ | ૧૦૦ગ્રામ |
| ધો. ૬ થી ૮ | ૧૯૫૬૫૪૬ | રૂ. ૬.૯૬ | ૧૫૦ગ્રામ્ |
| ધો.૧ થી ૮ કુલ્ | ૫૧૭૨૨૮૮ | - | - |

આમુખ (૨) માં દર્શાવેલ અત્રેના તા.૨૬/03/૨૦૨૦ ના હુકમથી તા.૧૬/03/૨૦૨૦ થી તા.૨૯/03/૨૦૨૦ સુધીના ૧૧ દિવસ માટે Food Security Allowances ચુકવવાંનો આદેશ કરવામાં આવેલ.

ત્યારબાદ આમુખ(૩)માં દર્શાવેલ ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા.૨૪/03/૨૦૨૦ના હુકમક્રમાંક- ૪૦-૩/૨૦૨૦-ડી થી સમગ્ર ભારતમાં કોરોના વાયરસ (કોવીડ-૧૯),ની મહામારીને લક્ષમાં રાખી તા.૧૪/૪/૨૦૨૦ સુધી લોકડાઉન જાહેર કરતાં તા.૧૪/૪/૨૦૨૦ સુધી તમામ કચેરીઓ કોરોના વાયરસનો ફેલાવો અટકાવવા માટે ગુજરાત સરકારે પણ બંધ જાહેર કરેલ તેથી શિક્ષણ વિભાગના તા.૧૫/૩/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક:-પરચ/૧૧૨૦૨૦/૧૫૧/વ.૨ થી ગુજરાતમાં તા.૧૬/૩/૨૦૨૦ થી તા.૨૯/03/ ૨૦૨૦ સુધીના સમયગાળા માટે કોરોના વાયરસ (કોવીડ-૧૯) ના લીધે શૈક્ષણિક કાર્ય બંધ જાહેર કરેલ હતું તે તા.૧૪/૪/૨૦૨૦ સુધી કોરોનાના લીધે ભારત સરકારે બંધ જાહેર કરતાં કમિશનર મધ્યાહન ભોજન યોજનાની કચેરીની સિંગલ ફાઈલ- પરચ/૧૦૨૦૨૦/૫૦૧/આર, ઉપર શિક્ષણ વિભાગ અને નાંણા વિભાગની મંજુરી મળતાં આમુખ(૪)માં દર્શાવેલ અત્રેના તા.૪/૦૪/૨૦૨૦ના હુકમક્રમાંક:-મભય/અમલ-૧/ ફૂડ સિક્યુરીટી એલાઉન્સ /૨૦૨૦ /૫૦૬૩-૫૧૮૫, તા.30/03/૨૦૨૦ થી તા.૧૪/૦૪/૨૦૨૦ સુધી વધુ ૧૦ દિવસ માટે Food Security Allowances ચુકવવા જણાવવામાં આવેલ.

આમ Food Security Act-2013 અને મધ્યાહ્ન્ ભોજન યોજના નિયમો-૨૦૧૫ ના નિયમ-૯ની જોગવાઇ મુજબ કોરોના વાયરસ (કોવીડ-૧૯)ની મહામારીના સંદર્ભે શિક્ષણ વિભાગ ના તા.૧૫/03/૨૦૨૦ ના જાહેરનામાથી શૈક્ષણિક કાર્ય બંધ રાખવાનું ઠરાવેલ હોવાથી તેમજ માનનિય વડાપ્રધાનશ્રીના રાષ્ટ્રને સંબોધન બાદ આમુખ (૫) માં દર્શાવેલ ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા.૧૪/૦૪/૨૦૨૦ના હુકમ ક્રમાંક:-40-3/2020/DM-1(A) થી સમગ્ર ભારતમાં કોરોના વાયરસ કોવિડ-૧૯નો ફેલાવો અટકાવવા માટે તા.૩/૦૫/૨૦૨૦ સુધી લોકડાઉન લંબાવેલ હોવાથી ભારત સરકારના તા.૨૦/03/૨૦૨૦ના પત્રક્રમાંક:- F. No.1-2/2020 Desk (MDM) ની સુચના મુજબ તા.૧૫/૦૪/૨૦૨૦ થી તા.૩/૦૫/૨૦૨૦ સુધી ( રવિવાર અને તા.૨૫/૦૪/૨૦૨૦ ના રોજ શ્રી પરશુરામ જયંતિની જાહેર રજાના દિવસો સિવાયના) ૧૫ દિવસો માટે રાજ્યના ધોરણ ૧થી ૮ના કુલ ૫૧,૭૨,૨૮૮ વિધાર્થીઓને ફૂડ સિક્યુરીટી એલાઉન્સીસ તરીકે કુંકીંગ કોસ્ટ ની કુલ રકમ રૂપિયા ૪૪,૩૫,૧૪,૬૦૭/- (અંકે રૂપિયા ચુંમાલીસ કરોડ પાંત્રીસ લાખ ચૌદ હજાર છસો સાત પુરા)ની ચુકવણી કરવાની થાય અને એકંદરે કુલ ૯૨૨૫.૮૪ મેટ્રીક ટન અનાજ (ઘંઉ અને ચોખા) નું વિતરણ કરવા માટે આ કચેરીની સિંગલ ફાઈલ ક્રમાંક:-મભય/અમલ-૧/ફૂડ સિક્યુરીટીએલાઉન્સીસ/૨૦૨૦/ઉપર ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગની ના તા.૧૭/૦૪/૨૦૨૦ ની નોંધથી તથા આમુખ (૬) માં દર્શાવેલ તેઓના તા.૨૦/૪/૨૦૨૦ના પત્રથી મંજુરી મળેલ છે.

## તા.૧૫/૦૪/૨૦૨૦ થી તા.૩/૦૫/૨૦૨૦ સુધીના ૧૫ દિવસ માટે ચુકવવાની થતી ફૂડ સિક્યુરીટી એલાઉન્સીસની વિગત

(તા.૨૫/૦૪/૨૦૨૦ ના રોજ શ્રી પરશુરામ જયંતિની જાહેર રજા અને રવિવાર બાદ કરતાં )

| ધોરણ | કુલ નોંધાયેલ વિધાર્થીઓ | ગુ. સ. પ્રમાણે કુંકીંગ કોસ્ટ વિધાર્થી/ દીઠ પ્રતિ દિન રૂપિયામાં | ભા. સ. દ્વારા નિધારિત અનાજનું પ્રમાણે વિધાર્થી / દીઠ પ્રતિ દિન (ગ્રામમાં) | પ્રત્યેક બાળક ને કુલ ૧૫ દિવસ માટે ચુકવવાની થતી કુકીંગ કોસ્ટની કુલ રકમ રૂપિયામાં | પ્રત્યેક બાળકને કુલ ૧૫ દિવસ માટે આપવાનો થતો અનાજ નો કુલ જથ્થો કિલોગ્રામ) |
|---|---|---|---|---|---|
| ધોરણ ૧ થી ૫ | ૩૨૧૫૭૪૨ | ૪.૯૬ | ૧૦૦ | ૭૪.૪૦ | ૧.૫૦૦ kg |
| ધોરણ ૬ થી ૮ | ૧૯૫૬૫૪૬ | ૬.૯૬ | ૧૫૦ | ૧૦૪.૪૦ | ૨.૨૫૦ kg |
| ધો.૧ થી ૮ કુલ | ૫૧૭૨૨૮૮ | - | - | . | . |

આમ આમુખ (૨) અને (૪) માં દર્શાવેલ અત્રેના તા.૨૬/૦૩/૨૦૨૦ અને તા.૪/૦૪/૨૦૨૦ ના હુકમમાં જણાવેલ તમામ માર્ગદર્શક સુચનાઓ ધ્યાને લઈ તા.૧૫/૪/૨૦૨૦ થી તા.૩/૫/૨૦૨૦ સુધી ( રવિવાર અને તા.૨૫/૦૪/૨૦૨૦ ના રોજ શ્રી પરશુરામ જયંતિની જાહેર રજાના દિવસો સિવાયના) વધુ ૧૫ દિવસો માટે નોંધાયેલ વિધાર્થીઓને ફૂડ સિક્યુરીટી એલાઉન્સ પૈકી અનાજ વિતરણ અને કુકીંગ કોસ્ટની રકમની નિયમસરની ચુકવણી ની જરૂરી કાર્યવાહી સમયસર પુર્ણ કરવા આથી જણાવવામાં આવે છે.

મધ્યાહન ભોજન યોજના અમલમાં હોય તેવી તમામ પ્રાથમિક શાળાના નોંધાયેલ વિધાર્થીઓને દૈનિક ધોરણે અનાજનું થયેલ વિતરણ અને કુકીંગ કોસ્ટની ચુકવાયેલ રકમ ની અધતન વિગતો અંગેનો દૈનિક રિપોર્ટ અત્રેના તા.૨૭/૦૩/૨૦૨૦ના પત્રથી આપની કચેરીને મોકલાવેલ નિયત પત્રકમાં અત્રેના **Email** પર અચુક મોકલવાનો રહેશે.તેમજ મધ્યાહન ભોજન યોજનાની વેબસાઈટ ગુગલ ડ્રાઈવ પર અત્રેથી દર્શાવેલ નિયત નમુનાના પત્રકમાં દરરોજ વિતરણ થયેલ અનાજ અને વિધાર્થી/વાલીના બેંક ખાતામાં જમા થયેલ રકમની માહિતી આપવાની રહેશે.

અનાજ વિતરણ માટે જિલ્લા કક્ષાએ જે પધ્ધતિ નિયત થાય તે મુજબ સસ્તા અનાજની દુકાન ( F.P.S) પરથી કે સસ્તા અનાજની દુકાન ( F.P.S) થી જથ્થો શાળામાં લાવી વાલીઓને આપી શકાશે, આ કામગીરીમાં સોશિયલ ડિસ્ટન્સ જળવાય અને આરોગ્ય વિભાગની સુચનાઓનું પાલન થાય તે જોવું. હોટ સ્પોટ એરિયામાં આરોગ્ય વિભાગ ની સુચનાઓનું જ પાલન કરવાનું રહેશે.

વધુમાં ફૂડ સિક્યુરીટી એકટ ૨૦૧૩ અને મધ્યાહ્ન ભોજન યોજનાના નિયમ- ૨૦૧૫ ની જોગવાઈઓ મુજબ આ કામગીરી સમય મર્યાદામાં પુર્ણ કરવાની છે. આ બાબતને ટોચ અગ્રતા આપવા વિનંતી છે.

આ સાથે જિલ્લાના નોંધાયેલા વિધાર્થીઓની સંખ્યા પ્રમાણે રકમ અને અનાજની ફાળવણી પત્રક સામેલ છે.

બિડાણ;-ઉપર જણાવ્યા મુજબ.

સંયુકત કમિશનર
મધ્યાહ્ન ભોજન યોજના
ગાંધીનગર.

પ્રતિ.

- નાયબ કલેકટરશ્રી,( MDM)
  મધ્યાહ્ન ભોજન યોજનાની કચેરી
  જિલ્લા સેવા સદન, તમામ
- નાયબ કલેકટરશ્રી,( MDM)
  મ્યુનિસિપલ કોર્પોરેશન, તમામ.

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ:-</u>

- સચિવશ્રી, ( પ્રાથમિક શિક્ષણ ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, (આર-શાખા) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી, અન્ન નાગરિક પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અન્ન નાગરિક પુરવઠા ની કચેરી, સચિવાલય, ગાંધીનગર
- જનરલ મેનેજરશ્રી, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ.ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના સંબંધિતોને જરૂરી સુચના આપવા સારૂ:-</u>

- મ્યુનિસિપલ કમિશનરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, તમામ.
- કલેકટરશ્રી, જિલ્લા સેવા સદન, તમામ.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન્, સેકટર -૧૭- ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય ગાંધીનગર.

<u>નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી થવા સારૂ.</u>

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ.તમામ્